# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-08-2025** **MORNING: 7.45 TO 7.55**

**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત ટૂંક સમયમાં વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈજ્ઞાનિકોને ઊંડા અવકાશમાં શોધખોળ કરવા માટે તૈયાર રહેવા હાકલ કરી

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હી વિધાનસભા ખાતે બે દિવસીય અખિલ ભારતીય અધ્યક્ષ સંમેલનનું ઉદ્ઘાટન કરશે

5) ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારત ૨૩ સુવર્ણ ચંદ્રક, ૦૮ રજત અને ૧૦ કાંસ્ય સહિત કુલ ૪૨ ચંદ્રક સાથે પ્રથમ સ્થાને

6) આજે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અમદાવાદમાં કોમનવેલ્થ રેસલિંગ સ્પર્ધાનો આરંભ કરાવશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ECONOMY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે તૈયાર છે. દિલ્હીમાં એક ખાનગી મીડિયા હાઉસના કાર્યક્રમમાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે ભારત વિશ્વ માટે આશાનું કિરણ બની રહ્યું છે. ભારતમાં ફુગાવો અને વ્યાજ દર ઓછા છે અને દેશના વિદેશી હૂંડિયામણ ભંડાર પણ મજબૂત છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે નિષ્ણાતોના મતે, વિશ્વ વિકાસમાં ભારતનું યોગદાન ટૂંક સમયમાં વીસ ટકા જેટલું થશે. શ્રી મોદીએ કહ્યું કે આજે ભારત રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે વિશ્વને મંદીમાંથી બહાર કાઢવાની સ્થિતિમાં છે. તેમણે કહ્યું કે દર મહિને લાખો સ્થાનિક રોકાણકારો SIP દ્વારા બજારમાં હજારો કરોડ રૂપિયાનું રોકાણ કરી રહ્યા છે.

(બાઇટ –PM ON ECONOMY)

. . . . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવતીકાલે અમદાવાદના નિકોલમાં સભાને સંબોધશે. આ દરમિયાન શ્રી મોદી અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા અંદાજે બે હજાર 548 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદને અંદાજે બે હજાર 267 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ આપશે. આ પરિયોજના હેઠળ અંદાજે એક હજાર 624 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડ છ માર્ગીય બનાવાશે. જ્યારે દક્ષિણ–પશ્ચિમ ઝૉનમાં નાનું રમતગમત સંકુલ બનાવાશે.

શ્રી મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ 281 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ G.U.D.A. દ્વારા 38 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીના બે દિવસના પ્રવાસ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી.

**(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

. . . . . . . . . . . . . . .

# PM DEEP SPACE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈજ્ઞાનિકોને ઊંડા અવકાશમાં શોધખોળ કરવા માટે તૈયાર રહેવા હાકલ કરી છે. તેમણે કહ્યું કે આ અજાણ્યા પ્રદેશો માનવતાના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ રહસ્યોથી ભરેલા છે. ગઈકાલે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે એક વિડીયો સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, ભારત ચંદ્ર અને મંગળ પર પહોંચી ચૂક્યું છે..પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે ભારત સેમી-ક્રાયોજેનિક એન્જિન અને ઇલેક્ટ્રિક પ્રોપલ્શન જેવી મહત્વપૂર્ણ તકનીકોમાં ઝડપી પ્રગતિ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આપણા વૈજ્ઞાનિકોના સમર્પિત પ્રયાસોથી, ભારત ખૂબ જ ટૂંક સમયમાં ગગનયાન મિશન લોન્ચ કરશે અને આગામી વર્ષોમાં પોતાનું અવકાશ મથક બનાવશે. શ્રી મોદીએ યુવા નાગરિકોને ભારતના 'અવકાશયાત્રી કોર્પ્સ'માં જોડાવા અને દેશની આકાંક્ષાઓને પાંખો આપવામાં મદદ કરવા માટે પણ આમંત્રણ આપ્યું. પ્રધાનમંત્રીએ ખાનગી ક્ષેત્રને આગામી પાંચ વર્ષમાં પાંચ અવકાશ યુનિકોર્ન બનાવવા માટે આગળ આવવા પ્રોત્સાહિત કર્યા.

(બાઇટ – PM ON ROCKETS)

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# AMIT SHAH-SPEAKERS CONFERENCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હી વિધાનસભા ખાતે બે દિવસીય અખિલ ભારતીય અધ્યક્ષ સંમેલનનું ઉદ્ઘાટન કરશે. દેશના પ્રથમ ચૂંટાયેલા સ્પીકર તરીકે વિઠ્ઠલભાઈ પટેલે કેન્દ્રીય વિધાનસભાના સ્પીકર તરીકે કાર્યભાર સંભાળ્યો તેની શતાબ્દીની ઉજવણી માટે આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. 29 રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ અને છ રાજ્યોની વિધાન પરિષદોના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તેમાં ભાગ લેશે.

દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે સ્વતંત્રતા સંગ્રામમાં વિઠ્ઠલભાઈ પટેલના જીવન, સંસદીય યોગદાન અને ભૂમિકા પર આધારિત એક પ્રદર્શન, એક ખાસ દસ્તાવેજી અને એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવશે. શ્રી ગુપ્તાએ જણાવ્યું હતું કે સંમેલનના સમાપન સત્રની અધ્યક્ષતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા કરશે.

આ સંમેલનમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહ, કેન્દ્રીય મંત્રીઓ ગજેન્દ્રસિંહ શેખાવત અને કિરેન રિજિજુ, ભૂતપૂર્વ લોકસભા અધ્યક્ષ મીરા કુમાર, દિલ્હીના ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેના અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા મુખ્ય વક્તાઓ હશે.

. . . . . . . . . . . . . . .

# FIJI PM INDIA VISIT

ફિજીના પ્રધાનમંત્રી  સિટેની લિગામામાડા રાબુકા આજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યા છે. તેમની સાથે તેમના પત્ની સુલુએતી રાબુકા પણ રહેશે. શ્રી રાબુકા સાથે આવેલા પ્રતિનિધિમંડળમાં આરોગ્ય અને તબીબી સેવા મંત્રી, રતુ એન્ટોનિયો લાલાબાલાવુ અને વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પ્રધાનમંત્રી રાબુકાની ભારતની પ્રથમ મુલાકાત છે. શ્રી રાબુકા આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. શ્રી રાબુકા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળવાના છે.

ભારત અને ફિજી વચ્ચેના લાંબા ગાળાના અને સ્થાયી સંબંધો માટે ફિજીના પ્રધાનમંત્રીની મુલાકાત મહત્વપૂર્ણ છે.

. . . . . . . . . . . . . . .

# REV-CHAUHAN SPACEDAY

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ઇસરોએ એક જીઓ-પોર્ટલ વિકસાવ્યું છે જે દુષ્કાળ, વરસાદ અને હવામાન વિશે સચોટ માહિતી આપે છે. આનાથી ખેડૂતોને તેમના પાકનું વધુ અસરકારક રીતે આયોજન કરવામાં મદદ મળશે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવણીના સત્રને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે વૈજ્ઞાનિકો પાકમાં જીવાત શોધવા માટે નવી ટેકનોલોજી પર પણ કામ કરી રહ્યા છે.

(બાઇટ – SHIVRAJSINGH CHAUHAN)

. . . . . . . . . . . . . . .

# ASIAN SHOOTING CHAMPIONSHIP

કઝાકિસ્તાનના શ્યામકેન્ટમાં ભારત ૨૩ સુવર્ણ ચંદ્રક, ૦૮ રજત અને ૧૦ કાંસ્ય સહિત કુલ ૪૨ ચંદ્રક સાથે પ્રથમ સ્થાને છે. ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે ૧૦ મીટર એર રાઇફલ મિક્સ્ડ ટીમ ઇવેન્ટ્સમાં સિનિયર, જુનિયર અને યુથ કેટેગરીમાં ત્રણ સુવર્ણ ચંદ્રક જીત્યા છે. સિનિયર કેટેગરીમાં, ઇલાવેનિલ વાલારિવન અને અર્જુન બાબુતાએ ફાઇનલમાં ચીનને ૧૧ સામે ૧૭ પોઇન્ટથી હરાવ્યું. જુનિયર કેટેગરીમાં, શામ્ભવી ક્ષીરસાગર અને નારાયણ પ્રણવે ચીની ટીમને ૧૬-૧૨થી હરાવ્યું. યુવા કેટેગરીમાં, અમીરા અરશદ અને અંશ દાબાસે કોરિયાને ૧૬-૧૨થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . . . . .

# WEIGHTLIFTING CHAMPIONSHIP

અમદાવાદના નારણપુરા ખાતેના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આજે ઉદ્ઘાટન સમારોહ યોજાશે .. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે આ સ્પર્ધાનું ઉદઘાટન થશે.. 25થી 31 ઓગસ્ટ દરમિયાન યોજાનારી વિવધ સ્પર્ધાઓમાં 30 કોમનવેલ્થ દેશોના 291 એથલિટ્સ ભાગ લેશે. આ સ્પર્ધા ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ પણ હશે. આ પ્રસંગે રાજ્યના રમતગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને આંતર રાષ્ટ્રીય વેઇટ લિફ્ટીંગના અધ્યક્ષ મહમદ હસન જાલૂદ પણ ઉપસ્થિત રહેશે..

. . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- આજના સમાચારપત્રોએ **PM** મોદીનો અમદાવાદમાં રોડ શો, ટેરિફ ટ્રેડ અંગે, કચ્છમાં 15 પાકિસ્તાનીઓ ઝડપાયા, ગૂગલના યુઝર્સના અંગત ડેટાની ચોરી, રાજ્યમાં વરસાદ જેવા વિવિધ સમાચારોને સ્થાન આપ્યું છે.
- ગૂગલના 250 કરોડ યુઝર્સના અંગત ડેટાની ચોરીના સમાચારને ગુજરાત સમાચારે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- ટ્રેડ ડીલમાં કોઈ સમાધાન નહીં – જયશંકરે ત્રીજું નેત્ર ખોલ્યું મથાળા સાથે નવગુજરાત સમયે પ્રથમ પાને હેડ લાઇન બનાવી છે.
- ફૂલછાબ સમાચારે કોરિક્રીકમાંથી 15 પાકિસ્તાની ઘૂસણખોર ઝડપાયા એમ હેડ લાઇન બનાવી છે
- સંદેશે પોસ્ટ વિભાગે અમેરિકાની પોસ્ટલ સેવા  સ્થગિત કરી તે સમાચારને હેડ લાઇન બનાવી છે, જ્યારે આજ સમાચારને નવગુજરાત સમયે પણ પ્રકાશિત કર્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આવતીકાલના અમદાવાદમાં યોજાનાર રોડ શોને નવગુજરાત સમયે પ્રાદેશિક સમાચારમાં સ્થાન આપ્યું છે.
- આ ઉપરાંત લગભગ દરેક સમાચારપત્રોએ અમદાવાદમાંથી ગાઝાના પીડિતનો ઢોંગ કરી મસ્જિદોમાંથી પૈસા ઉઘરાવતી સિરિયાં ગેંગનો પર્દાફાશના સમાચાર, રાજ્યભરમાં થયેલ મેઘમહેરના સમાચારોને પણ સ્થાન આપ્યું છે.